# બાયડ પાલિકા વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ખુલ્લેઆમ ઉઘરાણું ચાલ્યું

## રોનક પ્રજાપતિએ રૂા.૩૦૦૦ ખંખેરી લીધાના મહિલાના આક્ષેપથી સનસનાટી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩
બાયડ પાલિકા વિસ્તારમાં કહેવાતા ચકોર સત્તાધિશોની આંખો આગળ જ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ખુલ્લેઆમ ઉઘરાણું ચાલ્યાની સનસની ખેજ વિગતો ગાંધીનગર સમાચારના સચોટ અહેવાલ પછી બહાર આવી છે. નિયુક્ત એજન્સીએ મૂકેલા એજન્ટના હાથ નીચે ગેરકાયદે કામ કરતા ગાબટના રોનક પ્રજાપતિએ રૂા.૩૦૦૦ ખંખેરી લીધાનો પ્રધાનમંત્રી આવાસ યોજનાથી લાભિત મહિલાએ આક્ષેપ કરતાં સનસનાટી મચી ગઈ છે. આવનારા દિવસોમાં ઉઘરાણાનો ભોગ બનેલા અનેક લાભાર્થીઓ ખૂલીને સામે આવી શકે છે. પ્રધાનમંત્રી આવાસ



યોજનામાં પણ કટકી કરવાની જેની હિંમત છે તેની સામે બાયડ પાલિકાના સત્તાધિશો હિંમત દાખવી પોલીસ ફરિયાદ કરશે ખરા..?? તેવા સવાલ શરૂ થયા છે.

વડાપ્રધાનના માદરે વતન ઉત્તર ગુજરાતમાં જ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મોટાપાયે ખોટું થયાના અહેવાલ છે. પરંતુ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી માત્ર ભ્રષ્ટાચાર માટે જ ખોલવામાં આવી હોય તે રીતે એક પછી એક કૌભાંડ ઉજાગર થતાં હોવા છતાં કોઈ કાર્યવાહી થતી નથી. કોરોના કાળમાં માસ્ક ખરીદી, ઉકાળા વિતરણ વગેરેમાં ખોટાં બીલોની ભરમાર છતાં ગ્રામ વિકાસ એજન્સીના નિયામકનું પેટનું પાણી હલતું નથી અને હવે ફરી એકવાર પ્રધાનમંત્રી આવાસ યોજનામાં બાયડ પાલિકા વિસ્તારમાં આચરવામાં આવેલું ઉઘરાણા કૌભાંડ જોર પકડી રહ્યું છે. બહાર આવતી વિગતો અનુસાર દીશા સિવિલ એન્જીનિયરીંગ ડિઝાઈનને બાયડ પાલિકા વિસ્તારના પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને લાભિત કરવા માટે એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવી હતી. એજન્સી દ્વારા સુપરવાઈઝર નિયુક્ત કરાયા અને તેને રોનક પ્રજાપતિ નામના ઈસમને ગેરકાયદે રીતે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ પાસેથી જરૂરી દસ્તાવેજો લેવા સાથેની કામગીરી સોંપવામાં આવી પરંતુ કહેવાય છે કે મહાશયે કોરોના કાળનો અને ગરજવાન લાભાર્થીઓનો ભરપૂર ફાયદો ઉઠાવી સરેરાશ ૨ થી ૩ હજાર રૂા.નું લાભાર્થી પાસેથી ઉઘરાણું કરી લીધું. પ્રથમ હપ્તો જેમને મંજૂર થયો તેમને પાલિકામાં બોલાવી પૈસા ખંખેરી લીધા અને ત્યાર પછી જ આગળની કાર્યવાહી કરી. બાયડ બસ સ્ટેશન વિસ્તારમાં રહેતી વિધવા મહિલાએ ગાંધીનગર સમાચાર સમક્ષ જણાવ્યું કે મારી પાસેથી લોન મંજૂર કરવા પેટે રોનક પ્રજાપતિએ રૂા.૩૦૦૦ ખંખેર્યા છે અને મને આશંકા છે કે મારા જેવા અનેક લાભાર્થીઓ પાસેથી આ રીતે રૂપિયા ખંખેરવામાં આવ્યા છે. સમગ્ર પ્રકરણની જિલ્લા કલેક્ટર દ્વારા તપાસ થાય તો અનેકના પગતળે રેલો આવી શકે છે.

### લાભાર્થી પૈસા ન આપે તો એગ્રીમેન્ટ ગુમ કરી દેતો

બાયડ : બાયડ પાલિકા વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો કેસ મંજુર કરવા માટે રોનક પ્રજાપતિ ખુલ્લેઆમ ઉઘરાણા ઉપર ઉતરી આવ્યો હતો. કહેવાય છે કે કોઈ લાભાર્થી પૈસા આપવાની ના કહે તો તેની હેરાનગતિ શરૂ થતી અને છેલ્લે તો એગ્રીમેન્ટ પણ ગુમ કરી દેતો હતો. બાયડ પાલિકાના અનેક લાભાર્થીઓ પાસેથી ઉઘરાવેલા દસ્તાવેજો પાલિકામાં જમા થયા નથી તે બાબત ઘણું બધું કહી જાય છે. બાયડના જૂના બસ સ્ટેશન વિસ્તારના એક સ્ટેમ્પ વેન્ડરના ત્યાં જ તે એગ્રીમેન્ટ આપવાનો આગ્રહ રાખતો હતો આ દીશામાં પણ તપાસ થવી જરૂરી છે.

# ફરી ખોફ : ઈડરના ગંભીરપુરા પાસે રાત્રે દિપડાનો યુવક ઉપર હુમલો

## સ્થાનિક પ્રજામાં ફફડાટ...

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૩
ઈડરના ગંભીરપુરા-લીંભોઈ રોડ ઉપર ગત રાત્રે દિપડાએ સ્ટોન ફેક્ટરીના કામદાર ઉપર હુમલો કરી યુવકને ઘાયલ કરતાં સનસનાટી મચી છે. ફરીવાર ઈડર પંથકના સીમાડામાં દિપડાનો ખોફ સામે આવતાં સ્થાનિક પ્રજામાં ફફડાટ વ્યાપી ગયો છે. ઈજાગ્રસ્ત યુવાનને તાબડતોબ ઈડરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હોવા છતાં વન વિભાગ ઘોર નિંદ્રામાં પોઢતું હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. અગાઉ પણ દિપડાએ દેખા દીધા પછી મૂંગા પશુઓનું મારણ કર્યું છે ત્યાં હવે ફેક્ટરીના કામદાર ઉપર દિપડાએ હુમલો કરતાં આગામી સમયમાં હિંસક પ્રાણી માનવભક્ષી બનવાની દહેશત છે.

જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી દિપડાની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ઈડર પંથકના ડુંગર તેમજ સીમાડાનું હવામાન દિપડાને અનુકુળ આવી જતાં અવાર નવાર દિપડો ડોકાતો હોય છે. વન વિભાગની નિષ્ક્રિયતાના કારણે અગાઉ દિપડાનો મૃતદેહ મળી આવતાં અનેક શંકા-કુશંકાઓ ઉભી થઈ હતી જેમાં ઉંચા ડુંગર ઉપરથી પટકાઈ પડવાથી દિપડાનું મોત થયાનું કારણ બતાવવામાં આવ્યું હતું. ઈડર, ગંભીરપુરા



અને લીંભોઈ સહિતના વિસ્તારોમાં દિપડાનો પરિવાર વસવાટ કરતો હોવાથી સમયાંતરે દિપડાની દહેશત જોવા મળતી હોય છે જેમાં ગત રોજ લીંભોઈ રોડ ઉપરની સાંઈ સ્ટોન ફેક્ટરીમાં કામ કરનાર યુવક ઉપર રાત્રે દિપડાએ ઓચિંતો હુમલો કરતાં માથા તથા હાથના ભાગે ગંભીર ઈજા થઈ હતી. એકાએક હુમલાથી ફેક્ટરીમાં નાસભાગ મચી જતાં હિંસક દિપડો ગણતરીની મીનીટોમાં જાળીઓમાં અલોપ થઈ ગયો હતો. આ વિસ્તારમાં દિપડો ફરતો હોવાની રજૂઆતો અનેકવાર વન વિભાગ સમક્ષ કરવામાં આવી હોવા છતાં પાંજરૂ ગોઠવવામાં આવ્યું ન હોવાથી દિપડાના હુમલા બાદ ખેડૂતો રાત્રે ખેતરોમાં જતા પણ ભય અનુભવી રહ્યા છે.

# સાબરકાંઠા, અરવલ્લીમાં કાળઝાળ ગરમી વચ્ચે સવારે વાદળો ઘેરાયાં, બાગાયતી પાકમાં જીવાતની સંભાવના

## પ્રજા મલકાઈ પરંતુ ખેડૂતોમાં ચિંતા-ઉચાટ વધ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩
કોરોનાના સકંજામાં આવેલા સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તાપમાનનો પારો ઉંચકાતાં પ્રજા કાળઝાળ ગરમીથી બચવા બપોર થતાં ઘરમાં પુરાઈ જાય છે. પરંતુ આશ્ચર્ય વચ્ચે ચૈત્ર નવરાત્રિના પ્રથમ દિવસ મંગળવારે જિલ્લાના આકાશમાં પરોઢે



વાદળો ઘેરાતાં પ્રજા મલકાઈ પરંતુ ખેડૂતોમાં ચિંતા-ઉચાટ જોવા મળ્યો. વાદળછાયું વાતાવરણ લાંબો સમય રહે તો બાગાયતી પાકમાં જીવાતની સંભાવના વધી ગઈ છે. ખાસ કરીને ચીકુના પાકમાં રોગચાળો વકરે તેવી પણ આશંકા સેવાય છે.

વર્ષ-૨૦૨૧નું વર્ષ ગત વર્ષને સારૂ કહેવડાવે તો નવાઈ પામવા જેવું નહીં હોય. વર્ષના આરંભ સાથે જ કોરોના બેકાબુ બન્યો છે. સતત વધી રહેલા કોરોનાના કેસથી ડાક્ટરો ચિંતિત બન્યા છે. કોરોનાની બીજી લહેર તરીકે ઓળખાતા કોરોનાના વાયરામાં હવે મૃત્યુ દર વધતાં ચિંતા કરવા જેવી ખરી..તેવું ખ્યાતનામ તબીબો જણાવી રહ્યા છે. ઉનાળો હવે તેના ઉંચા મુકામ ઉપર પગરવ કરી રહ્યો છે તાપમાનનો સર્વોચ્ચ પારો ૪૧ ડિગ્રીને આંબ્યા પછી વધુ ઉંચકાય તેવી સંભાવના વચ્ચે તા.૧૩ એપ્રિલના રોજ જિલ્લાના આકાશમાં જાણે કે ચોમાસુ બેસવાનું હોય તે રીતે વાદળોએ જમાવટ કરી છેલ્લા એક પખવાડીયાથી અસહ્ય ગરમી અને બફારામાં પીશાતી પ્રજા માટે આકાશી દ્રશ્યો આનંદ આપનારાં હતાં પરંતુ ખેડૂતો માટે કાળઝાળ ઉનાળામાં દેખાયેલાં વાદળ ચિંતાનું કારણ બન્યાં છે. આ વર્ષે જિલ્લાના અનેક ખેડૂતોએ બાગાયતી પાકનું મોટાપાયે વાવેતર કર્યું છે અને વાદળછાયું વાતાવરણ લાંબા સમય માટે રહે તો જીવાતનો ઉપદ્રવ વધી શકે છે.

# અરવલ્લી : કોરોનાનું સંક્રમણ વધતા ૩૦ એપ્રીલ સુધી તમામ જનસેવા કેન્દ્રો બંધ રહેશે

## ગ્રામ્ય વિસ્તારોમાં રેપીડ ટેસ્ટમાં સ્ફોટક સ્થિતિ

મોડાસા, તા.૧૩
કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું છે દરરોજ કોરોના સંક્રમીત દર્દીઓની સંખ્યા ૫ હજાર ઉપર પહોંચી રહી છે ત્યારે અરવલ્લી જિલ્લામાં કોરોના સંક્રમણની પરીસ્થિતિ દિન પ્રતિદિન વણસી રહી હોય વધતા જતા કોરોના સંક્રમણને રોકવા માટે જીલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરએ જીલ્લાના તમામ જનસેવા કેન્દ્ર ૩૦ એપ્રીલ સુધી બંધ રાખવા આદેશ કર્યો છે જો કે જનસેવા કામગીરી માટે અતિઆવશ્યક સંજોગોમાં મામલતદારનો સંપર્ક કરવા જણાવ્યું છે




અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનો વિસ્ફોટની ભીતી વચ્ચે રેપીડ ટેસ્ટમાં અનેક લોકો પોઝેટીવ આવતા લોકોમાં ફફડાટ ફેલાયો છે મેઘરજના ગ્રામ્ય વિસ્તારમાં ૩૦ વર્ષીય યુવકને કોરોના ભરખી જતા ભારે ચકચાર મચી છે

અરવલ્લી જીલ્લામાં આવેલા જન સેવા કેન્દ્ર માં બાયડ, મોડાસા, માલપુર, ધનસુરા, મેઘરજ, સહિત જન સેવા કેન્દ્રમાં રોજીંદા કામકાજ અર્થે હજ્જારો અરજદારો આવતા હોવાથી બીજી લહેરમાં પોઝીટીવ કેસોમાં ચિંતાજનક વધારો થતાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને લઈ જિલ્લામાં કોરોના સંક્રમણને ફેલાતું અટકાવી શકાય અને જિલ્લા વાસીઓને કોરોના સંક્રમણ થી બચાવી શકાય તે માટે સરકારની સુચના અનુંસાર અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લા ના તમામ તાલુકા ના જનસેવા કેન્દ્રો ૩૦ એપ્રીલ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

# ધનસુરાનું APMC ઘઉં, દીવેલા, ચણાની આવકથી ઉભરાયું



ધનસુરા,તા. ૧૩
ધનસુરા APMC માં ખેડૂતો ઘઉં,દીવેલા,ચણા વેચવા આવતા APMC ઘઉં ની આવક થી ઉભરાયું હતું ધનસુરા તાલુકા માં ઘઉં નું મોટા પ્રમાણ માં વાવેતર થયું હતું જેને લઈ ખેડૂતો મોટી સંખ્યા માં ઘઉં વેચવા આવ્યા હતા સાથે ટેકા ના ભાવે પણ ધનસુરા ખાતે ખરીદી કરાઈ હતી ધનસુરા માં ટેકા ના ભાવે ઘઉંની ૮૦૨૪ બોરી અને ચણા ની ૯૯૮૦ બોરી ની ખરીદી કરાઈ હતી.

ધનસુરા માં ઘઉં અને ચણા ની ટેકા ના ભાવે ખરીદી શરુ કરાઈ હતી હર્ષિલભાઈ ગોડાઉન મેનેજર અને જગદીશભાઈ ગ્રેડર ઓફિસરએ જણાવ્યું હતું કે અત્યાર સુધી ઘઉંની ૮૦૪૨ બોરી અને ચણાની ૯૯૮૦ બોરી ની ખરીદી કરાઈ છે ઘઉંની મણ ના ૩૯૫ રુપિયા અને ચણાની મણના ૧૦૨૦ના ભાવે ખરીદી કરાઈ હતી ધનસુરા એપીએમસીના સેક્રેટરી રવિભાઈ અને એપીએમસી દ્વારા પટેલ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી રજિસ્ટ્રેશન બાદ ખેડૂતો નંબર પ્રમાણે ટેકાના ભાવે વેચાણ માટે આવી રહ્યા છે ખેડૂતો ટેકાના ભાવથી ખુશ આ વખતે મોટા પ્રમાણમાં ઘઉંનું વાવેતર થયું હતું એવામાં ટેકા ના ભાવેથી ખેડૂતો ને લાભ થશે.


# કોરોના સામે જંગ : બાયડ પાલિકા વોર્ડ નં.૩ માં ઉપપ્રમુખ દ્વારા ઉકાળા વિતરણ



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩
બાયડ પાલિકા વિસ્તારમાં કોરોના બેકાબુ બન્યો છે ત્યારે બાયડ પાલિકા વોર્ડ નં.૩ માં ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, કોર્પોરેટર અશોકભાઈ પટેલ, મીનાબેન પટેલ દ્વારા નવરાત્રિના આરંભે ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપપ્રમુખ દ્વારા ઉકાળા વિતરણ થતાં સોસાયટી વિસ્તારના રહીશો તેમજ અન્ય લોકોએ ઉકાળાનો લાભ લઈ કોરોના સામે રક્ષણ મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### અડપોદરા નાયક સમાજનું ગૌરવ



બાયડ : હિંમતનગર તાલુકાના અડપોદરાના વિષ્ણુપ્રસાદ નાયક(શિક્ષક : શ્રી ડી.એમ.વિદ્યાલય-મહીયલ, તા.ખેરાલું) અને ઉષાબેન નાયક (ઉ.શિ. : શ્રી સાકરી પ્રાથમિક શાળા, તા.ખેરાલુ)ના પુત્ર હીત નાયકે રાજસ્થાનની શ્રી ગંગાનગર કોલેજ ઓફ આયુર્વેદીક એન્ડ સાયન્સ કોલેજમાંથી બી.એ.એમ.એસ.ની ડીગ્રી મેળવી ગૌરવ વધારતાં સૌએ અભિનંદન પાઠવ્યા છે.

# કોરોના ફૂંફાડો : ખેડબ્રહ્માનું અંબાજી મંદિર તા.૩૦ એપ્રિલ સુધી બંધ



ખેડબ્રહ્મા / બાયડ, તા.૧૩
કોરોનાનો વકરતો કહેર હવે દેવમંદિરોને અસર કરી રહ્યો છે. નાના અંબાજી તરીકે ઓળખાતું ખેડબ્રહ્માનું અંબાજી મંદિર તા.૧૪ એપ્રિલ થી ૩૦ એપ્રિલ સુધી દર્શનાર્થીઓ માટે બંધ રાખવાનો મંદિર ટ્રસ્ટ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. ૧૭ દિવસ સુધી મંદિર બંધ રહેશે પરંતુ નિત્યક્રમ મુજબ માતાજીની સેવા-પૂંજા માત્ર પુંજારી દ્વારા કરવામાં આવશે. ટ્રસ્ટના મેનેજર ઘનશ્યામસિંહ રહેવરે જણાવ્યું છે કે દર્શનનો લાભ ઈચ્છતા ભક્તોએ ફેસબુક ઉપર દરરોજ દર્શન કરી શકશે.

## અવસાન નોંધ...



બાયડ : બાયડ તાલુકાના બોરમઠ ગામના મફતભાઈ દેસાઈ(સારસ્વત હાઈસ્કુલ-બાયડ) અને સ્વ.કાળાભાઈ દેસાઈના માતૃશ્રી જશીબેન માલજીભાઈ દેસાઈનું ૧૦૫ વર્ષની વયે નિધન થયેલ છે.

# ડીઝીટલ ઈન્ડીયાની કડવી વાસ્તવિક્તા : જિલ્લાના ૭૦૦ ટ્રાયબલ ગામ પ્રત્યે બી.એસ.એન.એલ.નું ઓરમાયું વર્તન

## ઈન્ટરનેટ સેવાના નામે કાયમી ધાંધિયા, કોરોના કાળમાં ઓનલાઈન શિક્ષણને માઠી અસર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩
ડીઝીટલ ઈન્ડીયાની મસમોટી વાતો વચ્ચે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૭૦૦ થી વધુ ટ્રાયબલ વિસ્તારના ગામમાં આજે પણ બી.એસ.એન.એલ.ની ઈન્ટરનેટ સેવાના ધાંધિયા જોવા મળી રહ્યા છે. એક તરફ કોરોના કાળમાં શિક્ષણ વિભાગ ઓનલાઈન શિક્ષણને મહત્વ આપી રહ્યું છે ત્યાં અંતરીયાળ વિસ્તારોમાં ઈન્ટરનેટ સેવા તો ઠીક પરંતુ મોબાઈલનું કવરેજ પણ યોગ્ય રીતે મળતું ન હોવાથી ડીઝીટલ ભારતના સ્વપ્નને ધક્કો પહોંચી રહ્યો છે. જિલ્લાના ૧૪ તાલુકાના શહેરી વિસ્તાર અને વિકસિત ગામોમાં ભારતીય દૂરસંચાર નિગમ અને ખાનગી મોબાઈલ કંપનીઓના ટાવર ઉભા કરી સેવાઓ આપવામાં આવી રહી છે પરંતુ બી.એસ.એન.એલ. દ્વારા ટ્રાયબલ વિસ્તારો પ્રત્યે વર્ષોથી ઓરમાયું વર્તન દાખવવામાં આવી રહ્યું છે જેના કારણે કોરોના કાળમાં શરૂ થયેલ ઓનલાઈન શિક્ષણને માઠી અસર પહોંચી છે.

આજના આધુનિક યુગમાં દૂરસંચારના સંશાધનોના કારણે આખી દુનિયા મુઠ્ઠીમાં સમાઈ ગઈ છે. દૂરસંચાર વગરના જીવનની કલ્પના કરવી પણ હવે અશક્ય બની છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો સંશાધનોનો વધુ વ્યાપ થાય તેવા પ્રયાસોમાં દેખાય છે પરંતુ ખાટલે મોટી ખોડ રહી જતી હોય છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ટ્રાયબલ વિસ્તારો સુધી હજી ડીઝીટલ ઈન્ડીયાની દૂરસંચારની સેવાઓ હજુ સુધી પૂર્ણરૂપે પહોંચી ન હોવાથી ગામડાઓમાં ઈન્ટરનેટ સેવા નામ પૂરતી જોવા મળી રહી છે. બંન્ને જિલ્લામાં અસંખ્ય ગામો એવા છે કે જ્યાં વાતચીત કરવા માટે મોબાઈલનું નેટવર્ક પણ યોગ્ય રીતે મળતું નથી. કોરોનાના કપરા કાળમાં શૈક્ષણિક સંકુલોને તાળાં વાગી ગયાં છે અને વિભાગ દ્વારા ઓનલાઈન શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે પરંતુ જિલ્લાના વિજયનગર, મેઘરજ, પોશીના, ખેરોજ, લાંબડીયા સહિતના વિસ્તારોમાં બી.એસ.એન.એલ.ની નબળી સેવાઓના કારણે પ્રજા ડીઝીટલ યુગમાં નહીં પરંતુ ગાડા યુગમાં જીવન વ્યતિત કરતી હોય તેવો અહેસાસ કરી રહી છે. ગ્રામ્ય પ્રજાની ઈન્ટરનેટ સેવા સુધારવાની વારંવારની રજુઆતો છતાં બી.એસ.એન.એલ. તંત્ર દ્વારા ટ્રાયબલ વિસ્તારોને કવરેજ તેમજ યોગ્ય ઈન્ટરનેટ સેવાઓનો લાભ ન અપાતાં પ્રજામાં રોષ જોવા મળી રહ્યો છે.

## જન્મદિને વધામણી



મિષ્ટી રોશનકુમાર પટેલ
વ્રજગાર્ડન સોસાયટી
બાયડ



ડૉ. દર્શન એસ. પટેલ
(કેશવ હોસ્પિટલ, બાયડ)
બાયડ



હસમુખ બી. પટેલ
લવાડ ફાર્મ



ઉમેશ સુભાષભાઈ પટેલ
રણેચી, તા.બાયડ



રાકેશભાઈ શાહ
યમુનાકુંજ સોસાયટી
બાયડ



રાહુલ રામજીભાઈ ચૌધરી
(પ્રા. શિક્ષક)
તલોદ



પુનમ એ. પંડ્યા
બાયડ



તિયંક ચૌધરી
બાયડ